**માન.ધારાસભ્યશ્રી શ્રી પરસોત્તમભાઇ પરમાર (દસાડા)**

**અગ્રતા–૧**

**પ્રશ્ન–૧:** સુરેન્દ્રનગર જિલ્લામાં પશુચિકિત્સા અધિકારીઓની ખાલી જગ્યાઓ સામે કોઇ અન્ય વ્યવસ્થા કરેલ છે જો હા તો તાલુકાવાર કેટલી વ્યવસ્થા કરેલ છે?

**અને મારો બીજો પ્રશ્ન છે, કે**

આ વ્યવસ્થા મારફતે છેલ્લા એક વર્ષમાં કેટલી તાલુકાવાર પશુસારવાર આપવામાં આવી?

**જવાબ:** **માન. અધ્યક્ષશ્રી** માન. સભ્યશ્રીના પહેલા પ્રશ્નના જવાબમાં જણાવું તો..

પશુચિકિત્સા અધિકારીઓની ખાલી જગ્યાના ભોગે સુરેન્દ્રનગર જીલ્લાના પશુપાલકો પશુસારવારની સેવાથી વંચિત ન રહી જાય તેનો રાજ્ય સરકાર દ્વારા પૂરતો ખ્યાલ રાખીને અન્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી**

સુરેન્દ્રનગરના જિલ્લાના પશુપાલકોના પશુઓ પશુસારવારથી વંચિત ના રહે તે માટે વર્ષ ૨૦૨૦–૨૧ થી વર્ષ ૨૦૨૧–૨૨ સુધીમાં તબકાવાર કુલ ૨૦ ફરતા પશુદવાખાના GVK-EMRI મારફતે કાર્યરત કરેલ છે. વધુમાં આ વર્ષ વધુ ૯ ફરતા પશુદવાખાના પણ આ ધોરણે કાર્યરત કરેલ છે. આમ હાલ સુરેંન્દ્રનગર જિલ્લામાં કુલ ૨૯ ફરતા પશુદવાખાના કાર્યરત કરેલ છે જેમાં કુલ ૨૯ પશુચિકિત્સા અધિકારીઓ અને ૨૯ ડ્રાઇવર કમ એટંડેંટ ફરજ બજાવી રહયા છે એટલે કે ૧૬ પશુચિકિત્સા અધિકારીની ખાલી જગ્યાઓ સામે કુલ ૨૯ ફરતા પશુદવાખાના કાર્યરત કરેલ છે.

**માન. અધ્યક્ષશ્રી**

તાલુકાવાર કરેલ વ્યવસ્થા અંગે વાત કરુ તો

- **વઢવાણ** તાલુકામાં **૪ દસ ગામ દીઠ ફરતા પશુદવાખાના**
- **થાનગઢ** તાલુકામાં **૧ દસ ગામ દીઠ ફરતું પશુદવાખાનું**
- **સાયલા** તાલુકામાં **૪ દસ ગામ દીઠ ફરતા પશુદવાખાના**
- **મુળી** તાલુકામાં **૩ દસ ગામ દીઠ ફરતા પશુદવાખાના**
- **લીંબડી** તાલુકામાં **૨ દસ ગામ દીઠ ફરતા પશુદવાખાના**
- **લખતર** તાલુકામાં **૨ દસ ગામ દીઠ ફરતા પશુદવાખાના**
- **ધ્રાંગધ્રા** તાલુકામાં **૩ દસ ગામ દીઠ ફરતા પશુદવાખાના**
- **પાટડી દસાડા** તાલુકામાં **૪ દસ ગામ દીઠ ફરતા પશુદવાખાના**
- **ચુડા** તાલુકામાં **૨ દસ ગામ દીઠ ફરતા પશુદવાખાના**
- **ચોટીલા** તાલુકામાં **૪ દસ ગામ દીઠ ફરતા પશુદવાખાના**

આમ કુલ ૨૯ દસ ગામ દીઠ ફરતા પશુદવાખાના કાર્યરત કરેલ છે**.**

**માન. અધ્યક્ષશ્રી**

આ વ્યવસ્થા મારફતે છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર આપેલ પશુસારવાર અંગે જણાવું તો..

- **વઢવાણ** તાલુકામાં **૯,૦૬૮** પશુસારવાર
- **થાનગઢ** તાલુકામાં **૨,૭૫૫** પશુસારવાર
- **સાયલા** તાલુકામાં **૫,૫૯૩** પશુસારવાર
- **મુળી** તાલુકામાં **૭,૨૬૩** પશુસારવાર
- **લીંબડી** તાલુકામાં **૨,૬૮૧** પશુસારવાર
- **લખતર** તાલુકામાં **૧,૬૭૨** પશુસારવાર

- **ધ્રાંગધ્રા** તાલુકામાં **૭,૬૩૫** પશુસારવાર
- **પાટડી દસાડા** તાલુકામાં **૬,૦૪૦** પશુસારવાર
- **ચુડા** તાલુકામાં **૩,૩૮૯** પશુસારવાર
- **ચોટીલા** તાલુકામાં **૯,૫૪૧** પશુસારવાર

આમ છેલ્લા એક વર્ષમાં કુલ ૫૫,૬૩૭ પશુસારવાર આપવામાં આવી

**માન.ધારાસભ્યશ્રી શ્રી પ્રકાશભાઇ વરમોરા (ધાગ્રંધા)**

**અગ્રતા–૧**

**પ્રશ્ન–૨:** સુરેન્દ્રનગર જિલ્લામાં કઇ કઇ અને કેટલી પશુસારવાર સંસ્થાઓ આવેલી છે અને આ સંસ્થાઓ દ્વારા છેલ્લા એક વર્ષમાં કેટલી પશુસારવાર આપવામાં આવી ?

**જવાબ:** **માન. અધ્યક્ષશ્રી** માન. સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો..

સુરેંદ્રનગર જિલ્લામાં ૨૪ પશુદવાખાના, ૩ શાખા પશુદવાખાના, ૧૩ પ્રાથમિક પશુસારવાર કેંદ્ર અને ૨૯ ફરતા પશુદવાખાના મળી કુલ ૬૯ પશુસારવાર સંસ્થાઓ આવેલી છે

**માન. અધ્યક્ષશ્રી**

આ સંસ્થાઓ દ્વારા આપેલ સારવારની વિગતો જણાવું તો...

- પશુસારવાર સંસ્થાઓ દ્વારા ૧,૨૦,૦૫૯ (એક લાખ વીસ હજાર ઓગણસાઈઠ) પશુઓને સારવાર આપવામાં આવેલ છે.
- પશુસારવાર સંસ્થાઓ દ્વારા યોજવામાં આવેલ કુલ ૨૧૩ પશુઆરોગ્ય મેળા દરમિયાન કુલ ૭૪,૫૭૪ (ચુંમોત્તેર હજાર પાંચસો ચુંમોત્તેર) પશુઓને સારવાર આપવામાં આવેલ છે.
- ૨૯ (વીસ) દસ ગામ દીઠ એક મોબાઈલ પશુદવાખાના દ્વારા ૫૫૬૩૭ (પંચાવન હજાર છસ્સો સડત્રીસ) પશુઓને સારવાર આપવામાં આવેલ છે.

આમ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જીલ્લામાં કુલ ૨,૫૦,૨૭૦ (બે લાખ પચાસ હજાર બસ્સો સીત્તેર) પશુઓને સારવાર આપવામાં આવેલ છે.

**માન.ધારાસભ્યશ્રી શ્રી શામજીભાઇ ચૌહાણ (ચોટીલા)**

**અગ્રતા–૧**

**પ્રશ્ન–૩:** સુરેન્દ્રનગર જિલ્લામાં પશુધન નિરીક્ષકની કેટલી જગ્યાઓ મંજુર થયેલ છે જે પૈકી કેટલી ભરાયેલ છે અને કેટલી ખાલી છે. ?

**જવાબ: માન. અધ્યક્ષશ્રી** માન. સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો..

| **સંસ્થા** | **મંજૂર** | **ભરેલ** | **ખાલી** |
|---|---|---|---|
| **શાખા પશુદવાખાના** | ૩ | ૩ | ૦ |
| **પ્રાથમિક પશુસારવાર કેન્દ્ર** | ૧૩ | ૧૦ | ૩ |
| **ઘનિષ્ટ પશુસુધારણા ઉપકેંદ્રો** | ૩૪ | ૨૭ | ૭ |
| **વેટરનરી પોલીક્લીનીક્સ** | ૧ | ૧ | ૦ |
| **કુલ** | **૫૧** | **૪૧** | **૧૦** |

# અગ્રતા–૧ (બ્રીફ નોટ)

## સુરેન્દ્રનગર જિલ્લોમાં પશુદવાખાનાઓનું મહેકમ

**મુળ LAQ:-**

**સુરેન્દ્રનગર જિલ્લામાં પશુદવાખાનાઓનું મહેકમ**

- સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ **૨૪ પશુદવાખનાઓ આવેલ** છે

| મહેકમ | મંજૂર | ભરેલ | ખાલી |
|---|---|---|---|
| પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ | ૨૪ | ૮ | ૧૬ |
| ડ્રેસર વર્ગ–૪ | ૭ | ૦ | ૭ |
| પટાવાળા/એટેન્ડેન્ટ વર્ગ–૪ | ૧૯ | ૧૦ | ૯ |

- પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ની ખાલી જગ્યાઓ સરકારશ્રીના દસ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ ભરવાનું નિયત થયેલ છે, જે મુજબ કુલ ૧૩૦ જગ્યાઓ ભરવાની કાર્યવાહી ગુજરાત જાહેર સેવા આયોગ ખાતે આખરી તબક્કામાં છે જે પૂર્ણ થયેથી સુરેન્દ્રનગરની જીલ્લાની ૧૬ ખાલી જગ્યાઓ ભરી શકાશે.
- ડ્રેસર વર્ગ–૪ અને પટાવાળા એટેન્ડેન્ટ વર્ગ–૪ની જગ્યાઓ જિલ્લા પંચાયત મારફતે જરૂરીયાત પ્રમાણે આઉટસોર્સથી ભરી કામગીરી લેવામાં આવે છે.

# પૂરક માહિતી

## સુરેન્દ્રનગર જિલ્લામાં દસ ગામ દીઠ એક ફરતા પશુદવાખાના:

- પશુદવાખાના ખાતેની પશુચિકિત્સા અધિકારીની જગ્યાઓ ખાલી રહેવાના કારણે સુરેન્દ્રનગરના જિલ્લાના પશુપાલકોના પશુઓ પશુસારવારથી વંચિત ના રહે તે માટે વર્ષ ૨૦૨૦–૨૧ થી વર્ષ ૨૦૨૧–૨૨ સુધીમાં તબકાવાર **કુલ ૨૦ ફરતા પશુદવાખાના** GVK-EMRI મારફતે કાર્યરત કરેલ છે. વધુમાં **આ વર્ષ વધુ ૯ ફરતા પશુદવાખાના** પણ આ ધોરણે કાર્યરત કરેલ છે. આમ હાલ સુરેંન્દ્રનગર જિલ્લામાં **કુલ ૨૯ ફરતા પશુદવાખાના કાર્યરત કરેલ છે** જેમાં કુલ ૨૯ પશુચિકિત્સા અધિકારીઓ અને ૨૯ ડ્રાઈવર કમ એટેંડેંટ ફરજ બજાવી રહયા છે એટલે કે **૧૬ પશુચિકિત્સા અધિકારીની ખાલી** જગ્યાઓ સામે **કુલ ૨૯ ફરતા પશુદવાખાના કાર્યરત કરેલ છે.**
- GVK-EMRI દ્વારા ઉકત જગ્યાઓ ભરવામાં આવે છે.

## સુરેન્દ્રનગર જિલ્લામાં શાખા પશુદવાખાનાઓનું મહેકમ

- સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૩ શાખા પશુદવાખનાઓ આવેલ છે

| **મહેકમ** | **મંજૂર** | **ભરેલ** | **ખાલી** |
|---|---|---|---|
| પશુધન નિરીક્ષક વર્ગ–૩ | ૩ | ૩ | ૦ |
| ડ્રેસર વર્ગ–૪ | ૩ | ૦ | ૩ |
| પટાવાળા વર્ગ–૪ | ૩ | ૦ | ૩ |

## સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રાથમિક પશુસારવાર કેન્દ્રોનું મહેકમ

- સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૧૩ પ્રાથમિક પશુસારવાર કેન્દ્રો આવેલ છે.

| મહેકમ | મંજૂર | ભરેલ | ખાલી |
|---|---|---|---|
| પશુધન નિરીક્ષક વર્ગ–૩ | ૧૩ | ૧૦ | ૩ |
| પટાવાળા વર્ગ–૪ | ૧૨ | ૦ | ૧૨ |

- પશુધન નિરીક્ષક વર્ગ–૩ની ભરતી પંચાયત સેવા પસંદગી મંડળ દવારા કરવામાં આવે છે.
- ડ્રેસર વર્ગ–૪ અને પટાવાળા એટેન્ડેન્ટ વર્ગ–૪ની જગ્યાઓ જિલ્લા પંચાયત મારફતે જરૂરીયાત પ્રમાણે આઉટસોર્સથી ભરી કામગીરી લેવામાં આવે છે.

## સુરેંદ્રનગર જિલ્લામાં ઘનિષ્ટ પશુસુધારણા યોજનાની કચેરી

- સુરેન્દ્રનગર જિલ્લામાં ખાતે ઘનિષ્ટ પશુસુધારણા યોજનાની કચેરી કાર્યરત છે જેના હેઠળ **કુલ ૩૪ ઉપકેંન્દ્રો** આવેલ છે.

| ઉપકેંન્દ્રોનું મહેકમ | મંજૂર | ભરેલ | ખાલી |
|---|---|---|---|
| પશુધન નિરીક્ષક વર્ગ–૩ | ૩૪ | ૨૭ | ૭ |

- પશુધન નિરીક્ષક વર્ગ–૩ની ભરતી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દવારા કરવામાં આવે છે.

## સુરેન્દ્રનગર જિલ્લામાં વેટરનરી પોલીક્લીનીકસ

- સુરેન્દ્રનગર જિલ્લામાં એક વેટેરનરી પોલીક્લીનીક્સ આવેલ છે.

| **મહેકમ** | **મંજૂર** | **ભરેલ** | **ખાલી** |
|---|---|---|---|
| નાયબ પશુપાલ્ન નિયામક વર્ગ–૧ | ૧ | ૦ | ૧ |
| મદદનીશ પશુપાલન નિયામક વર્ગ–૨ | ૨ | ૧ | ૧ |
| પશુધન નિરીક્ષક વર્ગ–૩ | ૧ | ૧ | ૦ |
| સીનીયર કારકુન વર્ગ–૩ | ૧ | ૧ | ૦ |
| એટેન્ડેન્ટ વર્ગ–૪ | ૧ | ૦ | ૧ |

## સુરેન્દ્રનગર જિલ્લામાં પશુરોગ અન્વેષણ એકમ

- સુરેન્દ્રનગર જિલ્લામાં ખાતે એક પશુરોગ અન્વેષણ એકમ **આવેલ છે.**

| **મહેકમ** | **મંજૂર** | **ભરેલ** | **ખાલી** |
|---|---|---|---|
| મદદનીશ પશુપાલન નિયામક વર્ગ–૨ | ૧ | ૦ | ૧ |
| પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ | ૧ | ૧ | ૦ |
| સીનીયર કારકુન વર્ગ–૩ | ૧ | ૧ | ૦ |

## સુરેન્દ્રનગર

- સુરેન્દ્રનગર જિલ્લાનું કુલ પશુધન ૮,૩૯,૨૯૫ છે, રાજય સરકારશ્રીની પોલીસ મુજબ ૧૫૦૦૦ પશુધન દીઠ એક પશુદવખાનાની જરૂરીયાત રહે છે તે મુજબ સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૫૬ પશુદવાખાનાની જરૂરીયાત રહે છે તેની સામે હાલ ૨૪ પશુદવાખાના અને ૨૯ ફરતા પશુદવાખાના મળી કુલ ૫૩ પશુદવાખાના આવેલ છે એટલે કે માત્ર ૩ પશુદવાખાનાની ઘટ છે જે આ વર્ષ પૂરી કરી શકાશે